## સંક્ષિપ્ત સમાચાર

### ડાંગના ડુમરિયા ગામમાં કલેક્ટરની ઉપસ્થિતિમાં લોકસંપર્ક બેઠક યોજાઇ




સાપુતારા : ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના ડુમરિયા ગામે જિલ્લા કલેક્ટર એન.ડી.પરમારની ઉપસ્થિતિમાં ગ્રામજનો સાથે લોકસંપર્ક બેઠક યોજાઈ હતી.બેઠક દરમિયાન ગામલોકોએ વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ રજૂ કરી હતી, જે અંગે તંત્ર દ્વારા સ્થળ પર જ ચર્ચા કરીને જરૂરી માર્ગદર્શન અને નિરાકરણની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.આ પ્રસંગે સુબીર તાલુકાના મામલતદાર આઈ.એમ. સૈયદ, તાલુકા સભ્ય મંજુલાબેન જગદીશભાઈ ભોયે, ભારતીય જનતા યુવા મોરચાના કારોબારી સભ્ય નિલેશભાઈ ગાવિત સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ ખાસ કરીને પીવાના પાણીની સમસ્યા અંગેના પ્રશ્નો રજૂ કર્યા હતા. કલેક્ટરે સંબંધિત વિભાગોના અધિકારીઓને આ મુદ્દાઓને પ્રાથમિકતાના ધોરણે ઉકેલવા જરૂરી સૂચનાઓ આપી હતી.

### નવસારીના શ્રમજીવીઓ માટે કડિયાનાકાને ખુલ્લું મુકાયું



નવસારીઃ નવસારીમાં વર્ષોથી તડકો, વરસાદ અને ઠંડી વચ્ચે રોજગારની રાહ જોતા મજૂરોને હવે પોતાનું સુવિધાસભર આશ્રયસ્થાન મળ્યું છે. નવસારી મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અંદાજિત રૂ. 1.54 કરોડના ખર્ચે નિર્માણ કરાયેલું આધુનિક કડિયાના નાકું મેયર અશોક ધોરજીયાના હસ્તે ખુલ્લુ મુકાયું હતું.કાર્યક્રમમાં જિલ્લા સંગઠન પ્રમુખ ભૂરલાલ શાહ, ડેપ્યુટી મેયર કેયુરીબેન દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન મુકેશ અગ્રવાલ, શાસક પક્ષના નેતા નરેશ પુરોહિત, દંડક રાકેશ પટેલ તેમજ મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાય (IAS) સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### વલસાડ જિલ્લાના ધો.10 - 12ના 535 તેજસ્વી તારલાનો સન્માન સમારોહ



વલસાડ જિલ્લામાં બોર્ડની પરીક્ષામાં શાળા કક્ષાએ પ્રથમ અને એ-1 ગ્રેડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનો ''તેજસ્વી તારલા સન્માન સમારોહ'' ધરમપુર સ્થિત શ્રીમદ રાજચંદ્ર આશ્રમમાં યોજાયો હતો. જેમાં કુલ 535 તેજસ્વી તારલાઓનું સન્માન કરાયુ હતું. આદિજાતિ વિકાસ મંત્રી નરેશે જણાવ્યું કે, રાજ્ય સરકાર આદિવાસી બાળકોના શિક્ષણ માટે વિશેષ જોગવાઈઓ હોવાનું જણાવી કહ્યું કે, દીકરીઓને ફ્રીમાં શિક્ષણ મળે છે પરંતુ દીકરાઓને યોજનાના લાભ માટે વાલીની આવક મર્યાદા અઢી લાખની હતી તે દૂર કરીને રૂ. 6 લાખ કરી છે. શિક્ષણ સુવિધાના કારણે આદિવાસી દીકરા-દીકરી આઈઆઈટી સુધી પહોંચ્યા છે, તે મોટી સિધ્ધિ છે.

### પારડીમાં નાણામંત્રીની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




પારડી : પારડી તાલુકાના ઉમરસાડી દેસાઈવાડ ગામે નવો બનેલ અટલ વોકવે બ્રિજ પાસે આજરોજ એક પેડ મા કે નામ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પ્રેરિત વૃક્ષારોપણ કાર્યક્રમ રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે ઉજવાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન સામાજિક વનીકરણ વિભાગ વલસાડ જિલ્લા પારડી રેન્જ દ્વારા 100 જેટલા વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. જ્યારે 1 હજારથી વધુ વૃક્ષો વાવેતર માટે વિતરણ કરવામાં આવ્યા હતાં. વાપી વીઆઇએના પ્રમુખ સતિષ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ, તાલુકા ભાજપ મંત્રી આ પ્રસંગે હાજર રહ્યા હતાં.

### ભીલાડમાં યુવક પર ટ્રકનું ટાયર ફરી વળતાં મોત

ઉમરગામ : ભીલાડમાં ટ્રકે બાઈકને ટક્કર મારતા અકસ્માતમાં બાઈક ની પાછળ બેસેલ એક યુવાનના માંથા ઉપર ટ્રકનું ટાયર ફરી વળતા ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત થયું હતું. બનાવની મળતી વિગતો મુજબ ફરિયાદી વીરલભાઈ જતરભાઈ ગાંગોડા (રહે કાકડફળિયા નરોલી) તેનો મિત્ર સુનિલભાઈ સુરેશભાઈ ગામીત તથા પરશુભાઈ મુકુંદભાઈ ભગરે (ઉ.વ 29 હાલ રહે નરોલી હવેલી ફળિયા દાદરા નગર હવેલી) બાઇક ઉપર સરીગામથી સેલવાસ જઇ રહ્યાં હતાં. ત્યારે ભીલાડ તળાવપાડા કટ નજીક ટ્રક નંબર જી.જે 15 યુ.યુ.0652 ના ચાલક બિરેનકુમાર રાયે બાઇકને ટક્કર મારી હતી. જેમાં બાઇકની પાછળ બેટેલા પરશુભાઇ પર ટ્રકનું ટાયર ફરી વળતા તેમનું મોત થયું હતું.

### વલસાડ બાઈકની ટક્કરે વૃદ્ધનું મોત

વાપી, વલસાડ : વલસાડ જિલ્લાના સેગવા, રોજા સામર ફળિયામાં રાજેશભાઈ રતિલાલભાઈ પટેલ (ઉં.55) રહે છે. તેમના પિતાજી રતિલાલ (ઉં.85) સેગવા ગામના ત્રણ રસ્તા ગ્રામ પંચાયતની સામે સસ્તા અનાજની દુકાનમાં પૈસા ઉપાડવા આવેલા હતા અને તે પૈસા ઉપાડી ઘર તરફ આવતા હતા અને માર્ગ ક્રોસ કરતી વખતે પૂરઝડપે દોડી રહેલ બાઈકની ટક્કર લાગી હતી. અકસ્માતમાં રતિલાલ રોડ પર પડી ગયા હતા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ અને લોહી નીકળતું હતું. 108 એમ્બ્યુલન્સ ટીમ આવી તપાસ કરતા તેને મૃત જાહેર કર્યો હતો. અકસ્માત કરનાર બાઈકચાલક વિરલ મુકેશભાઈ પટેલ (રહે. વાવ, તા.ખેરગામ) સામે પુત્ર રાજેશ પટેલે વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# ખાનગી શાળાને ટક્કર આપતી જૂનાથાણાની સ્કૂલ

**નવસારી** મહાનગરપાલિકાની અંગ્રેજી માધ્યમ શાળા પાંચ વર્ષમાં વાલીઓની પ્રથમ પસંદગી બની




નવસારીઃ સરકારી શાળાઓ પ્રત્યેનો પરંપરાગત દ્રષ્ટિકોણ બદલાતો હોવાનો જીવંત પુરાવો નવસારી શહેરમાં જોવા મળી રહ્યો છે. જુનાથાણા વિસ્તારમાં આવેલી નવસારી મહાનગરપાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈંગ્લિશ મીડીયમ પ્રાથમિક શાળા આજે ગુણવત્તાસભર શિક્ષણ, આધુનિક શૈક્ષણિક વાતાવરણ અને નોંધપાત્ર પરિણામોના કારણે વાલીઓની પ્રથમ પસંદગી બની રહી છે.

વર્ષ 2021માં શરૂ થયેલી આ શાળામાં શરૂઆતમાં માત્ર 190 વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. જોકે શિક્ષણની ગુણવત્તા અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવેલા સતત પ્રયાસોના પરિણામે આજે વિદ્યાર્થીઓની સંખ્યા વધીને 502 પર પહોંચી છે અને ધોરણ-1 અને ધોરણ-3માં વધારાના વર્ગો શરૂ કરવાની જરૂરિયાત પણ ઊભી થઈ છે.

શિક્ષણ તો ફ્રીમાં મળે જ છે ઉપરાંત વિદ્યાર્થીઓને નોટબુક, કંપાસ બોક્સ સહિતની શૈક્ષણિક સામગ્રી પણ પૂરી પાડવામાં આવે છે. જેના કારણે સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોના બાળકોને ગુણવત્તાયુક્ત અંગ્રેજી માધ્યમનું શિક્ષણ સરળતાથી ઉપલબ્ધ બન્યું છે.

અહીં અભ્યાસ ઉપરાંત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે રમતગમત, કલા અને વિવિધ સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવે છે.

ગત વર્ષે ધોરણ-5ના બે વિદ્યાર્થીઓએ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)ની મેરિટ યાદીમાં સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. ધોરણ-8 પૂર્ણ કર્યા બાદ અહીંના વિદ્યાર્થીઓ શહેરની પ્રતિષ્ઠિત શાળાઓમાં સરળતાથી પ્રવેશ મેળવી રહ્યા છે.

# વલસાડમાં યુવક પર જાહેરમાં થયેલા હુમલાનો વિડીયો વાયરલ

**કૈલાસ** રોડ પર યુવકને ઘેરીને મારતાં વિડીયો ફરતો થયો



વલસાડ : વલસાડ શહેરના શાંત ગણાતા કૈલાસ રોડ પર જાહેરમાં કેટલાક અસામાજિક તત્વો દ્વારા એક યુવક પર હિંસક હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, વલસાડના કૈલાસ રોડ વિસ્તારમાં કોઈ અગમ્ય કારણોસર યુવકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વાત એટલી હદે વણસી ગઈ હતી કે ૪ થી ૫ જેટલા માથાભારે યુવકોના ટોળાએ એકલા પડેલા એક યુવકને ઘેરી લીધો હતો અને તેના પર તૂટી પડ્યાં હતાં જેનાથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. કેટલાક પ્રત્યક્ષદર્શીઓએ આ સમગ્ર ઘટના પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધી હતી. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ૪ થી ૫ યુવકો નિર્દયતાથી એક યુવકને ઢોરમાર મારી રહ્યા છે. આ વીડિયો હાલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે અને લોકો કાયદાના ડર વગર આ રીતે દાદાગીરી કરનારા તત્વો સામે રોષ ઠાલવી રહ્યા છે. જો કે આ બનાવની પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

## પારડીમાં દેરાણી-જેઠાણીના ઝઘડા બાદ બે ભાઈઓ વચ્ચે મારામારી

વાપી, વલસાડઃ વલસાડના પારડી ટેકરા ફળિયામાં રાહુલ ગોકુલ શર્મા (ઉં.વ.35) રહે છે. ગત તા.7-6-26ના રોજ પત્નીને કહ્યું કે, પાણી લઈને આવ. જેથી ભાઈની પત્ની કાજલ શર્મા વોશરૂમ જવા માટે નીચે આવી હતી અને તે ઉશ્કેરાઈ ગઈ હતી અને અપશબ્દો કેમ બોલે છે કહી ઝઘડો કર્યો હતો. રાહુલના પિતા આવતાં તેને સમજાવી હતી. તેમ છતાં તે ઝઘડતી રહી હતી. બાદ કાજલના પતિ વિકાસે આવી ઝઘડો કર્યો હતો. બંને ભાઈ વચ્ચે બોલાચાલી બાદ વિકાસે રાહુલના મોંના ભાગે ડોલ મારી દીધી હતી. ઉપરાંત લાકડાં વડે માર મારી પીઠ ઉપર બચકું ભર્યું હતું. ઘરના સભ્યો દોડી આવતાં તેમને પણ માર્યા હતા. આ બનાવ અંગે રાહુલ શર્માએ ઝઘડો અને મારામારી કરનારા ભાઈ અને તેની પત્ની સામે વલસાડ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.



### નાણામંત્રી અને પદ્મશ્રી ગફુરભાઈની ઉપસ્થિતિમાં ઉદઘાટન થયું

# VIA ઓડિટોરિયમના ઉદઘાટનમાં કનુભાઈના યોગદાનને બિરદાવાયું

**760** બેઠક સાથેના આ ઓડિટોરિયમને વાપીની મેરિલ કંપનીએ બનાવી આપી ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું

વાપી : વાપી ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન (વીઆઇએ) ના નવા ઓડીટોરિયમનું શુક્રવારે નાણામંત્રી કનુભાઇ દેસાઇ,પદમશ્રી ગફુરભાઇ બિલખીયાની ઉપસ્થિતિમાં ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

760 બેઠકોની ક્ષમતાવાળા કનુ દેસાઇ વીઆઇએ ઓડિટોરિયમને વાપી મેરીલ કંપની દ્વારા બનાવવામાં આવ્યો છે.

વાપીના મેરિલ ગૃપના દ્વારા તૈયાર કરેલા કનુ દેસાઇ વીઆઇએ ઓડિટોરિયના ઉદ્ઘાટનમાં વીઆઇએ પ્રમુખ સતિષભાઇ પટેલે સ્વાગત પ્રવચનમાં કઈ રીતે આ ઓડીટોરીયમનું નિર્માણ થયું તેની વાત કરી હતી.આ પ્રસંગે નાણામંત્રી કનુભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાસનના એટલે કે ચૂંટાયેલા શાસક તરીકે ભારતના ઇતિહાસમાં સૌથી મોટો રેકોર્ડ કર્યો છે.મોદીજીનો એક મોટો નિર્ણય હતો કે આપણે ભારતને આત્મનિર્ભર બનાવવાનું છે અને આત્મનિર્ભર બનાવવા માટે સૌથી પહેલા પ્રયાસ કર્યા હોય તો અંજુમભાઇએ કીધુ એમ વાપીમાં કોઇ પણ હેલ્થ ડીવાઇસ કે સ્ટેન્ટ વાપીમાં બને છે.એટલે મેરિલ ગૃપના આ પ્રયાસને આપણે વધાવીએ. સમાજમાં કોઇ પણ કામ લોકભાગીદારીથી થાય છે.જેને અંજુમભાઇ અને મેરિલ ગૃપે સાકાર કર્યુ છે.વડાપ્રધાનના 4400 દિવસ અને મેરિલ ગૃપની આત્મનિર્ભરની પહેલને આપણે સૌ ઊભા થઇને વધાવીએ.અંજુમભાઇ બિલખીયાએ પોતાના પ્રવચનમાં નાણામંત્રી કનુભાઇ દેસાઇએ કરેલી કામગીરીને બિરદાવી હતી.ગાંધીવાદી અને પદ્મશ્રી ગફુરભાઇ બિલખીયાએ જણાવ્યું હતુ કે અમે વાપી આવ્યા ત્યારે અહી કશુ હતું નહિ.પરંતુ સારો સહકાર મળ્યો.વડાપ્રધાન મોદી સાથેના સ્મરણોને વાગોળ્યા હતાં.વીઆઇએના પૂર્વ પ્રમુખ યોગેશભાઇ કાબરીયાએ આ હોલ બનાવવા માટે અંજુમભાઇને વાત કર્યા બાદ તેમણે આ હોલ તો બનાવ્યો જ પરંતુ તેની સાથે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈનું નામ જોડવા માટે પણ તેમણે આગ્રહ કર્યો હતો.મેરીલના નાનુભાઈ બાંભરોલિયા, વીઆઇએ એડવાઇઝરી બોર્ડના સભ્યો,મેયર દક્ષાબેન પટેલ,કલેક્ટર નિતિન સાંગવાન,એસપી જાડેજા સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતાં. વીઆઇએના સેક્રેટરી કલ્પેશ વોરાએ કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ કરી હતી.

# 2.52 MLDની જરૂર સામે ડાંગમાં માત્ર 1.80 MLD જ પાણી મળે છે

**આહવાની** સરકારી હોસ્ટેલમાં પાણીની અછત બાદ તાત્કાલિક પગલાં લેવાયાં




સાપુતારાઃ આહવાની સરકારી હોસ્ટેલમાં પાણીની અછતને લઈ પ્રકાશિત અહેવાલોને સંવેદનશીલતા સાથે ધ્યાને લેતાં ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી જરૂરી પગલાં હાથ ધરવામાં આવ્યાં છે.અહીંના વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે નિયમિત અને પૂરતો પાણી પુરવઠો ઉપલબ્ધ કરાવવા જિલ્લા પ્રશાસન સતત કાર્યરત છે. આહવા ગામની અંદાજિત ૧૮,૩૨૦ની વસતીને રોજિંદા 140 LPCD મુજબ 2.52 MLD પાણીની જરૂરિયાત સામે, હાલમાં 1.80 MLD પાણી ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. તાજેતરમાં ઉનાળાની તીવ્રતા અને વધતાં પાણી વપરાશને કારણે કેટલાક વિસ્તારોમાં પાણીની અછત સર્જાઈ હતી, જેના કારણે હોસ્ટેલ સહિતના સંસ્થાગત પરિસરોમાં પણ તેની અસર જોવા મળી હતી. કલેક્ટર એન.ડી.પરમારના માર્ગદર્શન હેઠળ સંબંધિત વિભાગોએ પરિસ્થિતિની સમીક્ષા કરી હોસ્ટેલમાં પાણી પુરવઠો જળવાઈ રહે તે માટે વિશેષ વ્યવસ્થા ગોઠવી છે. સ્વરાજ આશ્રમ હેડવર્ક્સ ખાતે ઉપલબ્ધ 24 લાખ લીટરની ક્ષમતાવાળા સંપમાંથી પમ્પિંગ કરી 200 mmની પાઈપલાઈન દ્વારા સરકારી હોસ્ટેલ અને માધ્યમિક શાળાના કેમ્પસમાં આવેલા ટાંકા ભરવાની કામગીરી નિયમિત ધોરણે હાથ ધરવામાં આવી રહી છે.

તાજેતરમાં જિલ્લા વહીવટી તંત્રના વડા એવા કલેક્ટર એન.ડી.પરમાર સહિતના ઉચ્ચ અધિકારીઓએ સ્થળ મુલાકાત લઈ પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું, અને વિદ્યાર્થીઓને પીવાના પાણી સહિતની કોઈ મુશ્કેલી ન પડે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી. વહીવટી તંત્ર દ્વારા જણાવાયું છે કે આગામી દિવસોમાં પણ પાણીની માંગને ધ્યાનમાં રાખી વધારાની જરૂરિયાત ઊભી થશે તો ટેન્કર દ્વારા પણ પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવશે. જિલ્લાના નાગરિકોને અફવાઓથી દૂર રહી તંત્રને સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વાપી ફેક કોલ સેન્ટરના આરોપીઓના 4 દિવસનાં રિમાન્ડ

**આંતરરાષ્ટ્રીય** સંગઠન કે રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે કે કેમ? તેની તપાસ થશે

વાપી : વાપીમાં હરિયા પાર્કમાં એક બંગલામાંથી એસ.ઓ.જી.ની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને કેનેડાના નાગરિકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરતા એક હાઈટેક આંતરરાષ્ટ્રીય ફેક કોલ સેન્ટરનો ગુરુવારે પર્દાફાશ કર્યો હતો. પોલીસે ૧૧ આરોપીઓની ધરપકડ કરી આજે વાપી કોર્ટમાં રજૂ કરતા તમામના સોમવારે સવારે 11 કલાક સુધીના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.


પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આરોપીઓ પાસે કેનેડાના નાગરિકોનો ડેટા ક્યાંથી આવ્યો, કઈ એપ્લિકેશનથી ઈન્ટરનેશનલ કોલ થતા હતા, મેળવેલા નાણાં કયા બેંક ખાતા કે આંતરરાષ્ટ્રીય હવાલા કે ક્રિપ્ટો કરન્સી મારફતે ભારતમાં ટ્રાન્સફર થતા હતા કે કેમ ? મની લોન્ડરિંગનો ગુનો બને છે કે કેમ ? આ કોલ સેન્ટરના તાર કોઈ મોટા આંતરરાષ્ટ્રીય સંગઠન કે રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે કે કેમ ? તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે. પોલીસે હજી મુખ્ય આરોપી રાજેશ ઠોલારને પણ પકડવાનો છે. પકડાયેલા આરોપીઓમાં મુંબઈ અને ઉત્તર પ્રદેશના શીવા રામચંદ્ર સૈની, મેઘના કનૈયાલાલ યાદવ, શેખર ભાસ્કર કાંબલે, શ્રુતિ સુશીલ રાય, રિતેશ ઉલ્હાસ કુંભાર, કૃતિક મનીષ સકપાલ, કાર્તીક જ્યોતી બનસોડ, જીગર તુલસીદાસ માવદિયા તેમજ મણિપુરના વતની કમલસાબ્મ લુનઝામ્ખુપ હાઉઝીલ, મુનસંગલિયન કુંગા હાઉઝીલ અને લીયનમોનલાલ ખોમસોંગ નઉલકનો સમાવેશ થાય છે.

### THE MIDNIGHT CLUB વોટ્સએપ ગ્રુપ દ્વારા થતી ઠગાઈ

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, મુખ્ય વોન્ટેડ આરોપી રાજેશ ઉર્ફે રાજ ઠોલાર દ્વારા "THE MIDNIGHT CLUB" નામનું એક ખાનગી વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવ્યું હતું, જેનો એડમિન પકડાયેલો આરોપી જીગર માવદિયા હતો. આ ગ્રુપમાં વિદેશી નાગરિકોને ફસાવવા માટેની 'ઓપનિંગ સ્ક્રીપ્ટ' અપલોડ કરવામાં આવતી હતી. ટેકનોલોજીનો ઉપયોગઃ પકડાઈ ન જવા માટે આરોપીઓ લોકલ સિમકાર્ડને બદલે ઇન્ટરનેટ કનેક્ટિવિટી આધારિત X-lite અને APhone જેવી એપ્લિકેશન તેમજ VoIP ટેકનોલોજીનો ઉપયોગ કરી સીધા કેનેડાના નંબરો પર કોલ કરતા હતા.

# ભીનારની શાળા પાસે રોડ સેફ્ટીના નિયમોની અવગણના

**ઝેબ્રાક્રોસિંગ**, શાળાસૂચક બોર્ડ અને અન્ય રોડ સેફ્ટીની સુવિધા ઊભી કરવા માંગ



વાંસદાઃ વાંસદાના ભીનાર ગામના ખડકાળા ફળિયામાં હાઈવેની બાજુમાં સરકારી પ્રાથમિક શાળા આવેલી છે, જ્યાં ભીનાર ગામ સહિત આસપાસના બાળકો અભ્યાસ માટે આવે છે. ત્યારે શાળાની સામે હાઈવે ઓથોરિટી દ્વારા રોડ સેફ્ટીના જરૂરી સાધનો ન મુકાતા વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે.જેથી બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી તાત્કાલિક ઝેબ્રા ક્રોસિંગ, શાળા સૂચક બોર્ડ, તથા અન્ય જરૂરી રોડ સેફ્ટી સુવિધાઓ ઉભી કરવાની માંગ ઉઠી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ શાળાની નજીક હાઈવે પર ન તો ઝેબ્રા ક્રોસિંગ દોરવામાં આવ્યું છે કે શાળા વિસ્તાર દર્શાવતા સૂચક બોર્ડ લગાવવામાં આવ્યા છે. મોટર વ્હીકલ એક્ટ અને રોડ સેફ્ટીના નિયમો મુજબ આવા વિસ્તારોમાં શાળાથી આશરે 50 થી 200 મીટર અગાઉ બંને દિશામાં ચેતવણી બોર્ડ લગાવવા જોઈએ, જેથી વાહન ચાલકો ગતિ ધીમી કરી શકે.

બીજી પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. કાન્તાબેન ભગુભાઈ પટેલ
જન્મ તા. ૦૧/૦૬/૧૯૫૦
સ્વ.તા. ૧૩/૦૬/૨૦૨૪

તારી અણધારી વિદાયને બે વર્ષ થયાં છતાં અમો હજુ ભૂલ્યા નથી.
તું સદેહે હાજર નથી છતાં તારી હાજરીનો અહેસાસ થયા કરે છે.
તું બોલતી નથી છતાં તારા બોલાયેલા શબ્દો સંભળાયા કરે છે.
તમે પરિવાર માટે કરેલો અથાગ સંઘર્ષ સદાય અમોને યાદ રહેશે.
તું જીવન એવું જીવી ગઈ જેમાંથી અમોને સદાય પ્રેરણા મળતી રહેશે.
પરમાત્મામાં અતૂટ શ્રધ્ધા ધરાવતા આપના આત્માને
પ્રભુ પરમ શાંતિ આપે એવી પ્રભુ પ્રાર્થના..

લિ. શોકાતુર પટેલ પરિવાર
ભગુભાઈ સોમાભાઈ પટેલ
નિલેષકુમાર ભગુભાઈ પટેલ
ધીરેનકુમાર ભગુભાઈ પટેલ
ગં.સ્વ. મોનિકાબેન રાજુભાઈ પટેલ

મુ.પો. ધરાસણા, ભંડાર ફળિયા, તા. જિ. વલસાડ.

HDFC BANK
We understand your world

રજીસ્ટર્ડ ઓફિસ : એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅરપરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩ અને
જેની એક ઓફિસ : રીટેઈલ પોર્ટફોલીયો મેનેજમેન્ટ તરીકે : એચડીએફસી બેંક લિ. ૧લો માળ,આઈ-થીંક ટેકનો કેમ્પસ કાંજુરમાર્ગ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૪૨ ખાતે છે.

**એચડીએફસી બેંક લિમિટેડને ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણ માટેની માહિતી અને જાહેર સૂચના**

**એચડીએફસી બેંક લિમિટેડ** (બેંક) ના નીચે દર્શાવેલ લોનધારકોને બેંક પાસે સિક્યોરિટીઝ સામે લોન / ઓવરડ્રાફ્ટની ક્રેડિટ સુવિધાઓ મેળવવા ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણ અંગે સૂચિત કરવામાં આવે છે.

લોનની શરતો અનુસાર બાકી લેણાંની ચુકવણી કરવામાં લોન લેનારાઓ દ્વારા સતત કસુર થવાના કારણે, નીચેના લોન ખાતા અપરાધની સ્થિતિમાં છે. બેંક દ્વારા આ લોનધારકોને વારંવાર નોટીસો જારી કરી છે, જેમાં નીચે દર્શાવેલ તારીખે અંતિમ વેચાણની નોટીસનો સમાવેશ થાય છે. જેમાં નીચે જણાવેલ ખાતાઓમાં બાકી રહેલ તમામ લેણાંની ચુકવણી કરવા માટે લોન લેનારને **૭ દિવસ**નો સમય આપ્યો હતો, લોન લોનાર જેમાં નિષ્ફળ થયા હોવાથી આ સંબંધમાં વધુ નોટીસ આપ્યા વિના ગીરવે મુકેલી સિક્યોરિટીઝ વેચવા માટે બેંક સ્વતંત્ર હશે.

લોન લેનારાઓએ અવગણના કરી છે અને બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, તેથી બેંક દ્વારા લોન કરાર હેઠળ તેના અધિકારોનો ઉપયોગ કરી **તા.૨૦ મી જૂન ૨૦૨૬** ના રોજ અથવા તે પછી લોન લેનારાઓની લોનના બાકી લેણાંની વસૂલાત માટે સિક્યોરિટીઝનું વેચાણ / નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. લોન લેનારાઆને ભારતીય કરાર અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૭૬ ના પાલનમાં આને વેચાણની સૂચના તરીકે ગણવા માટે સૂચિત કરવામાં આવે છે. લોન લેનારાઓને પણ સૂચિત કરવામાં આવે છે કે, જો કોઈપણ સમયે, માર્જીનની જરૂરિયાતમાં શેરબજારની અસ્થિરતાને કારણે વધુ ઉણપ ઉભી થાય અને ગીરવે મુકેલી સિક્યોરિટીઝનું મૂલ્ય વધુ ઘટે તો બેંક આ સંદર્ભમાં વધુ સૂચના આપ્યા વિના તેની વિવેકબુદ્ધિથી ગીરવે મુકેલ સિક્યોરિટીઝને એક(૧) કેલેન્ડર દિવસની અંદર વેચશે. ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણમાંથી મળેલ રકમના એડજસ્ટમેન્ટ બાદ, બેંકને બાકી રહેલી રકમની ચૂકવણી કરવા માટે લોન લેનાર જવાબદાર રહેશે.

| અ. નં. | લોન ખાતા નંબર | દેવાદારો ના નામ | ૧૦ મી જૂન ૨૦૨૬ ના રોજની બાકી રકમ | વેચાણ નોટીસની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | XXXXXXXXXX8357 | કલ્પા ચિરાગ જોગી | ૫૦૭૧૩૨.૦૦ | ૧૧-૦૬-૨૦૨૬ |
| ૨ | XXXXXXXXXX3992 | અલ્કેશ જમનાદાસ પટેલ | ૮,૯૮,૯૧૮.૭૭ | ૧૧-૦૬-૨૦૨૬ |
| ૩ | XXXXXXXXXX6376 | ધાર્મિક રીતેનભાઈ શાહ | ૪,૨૬,૪૧૯.૦૦ | ૧૧-૦૬-૨૦૨૬ |

તા. : ૧૩.૦૬.૨૦૨૬
સ્થળ : દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
સહી/-
એચડીએફસી બેંક લિ.